આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૧૪, મંગળવાર; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તમારી જાત સાથે રોજ સ્પર્ધા કરશો તો તમે ગઇ કાલે હતા તેનાથી વધુ બહેતર આજે બનશો

- સ્ટીવ જોબ્સ

# હવે જિલ્લા પંચાયત પણ ભાજપ હસ્તક

**૧૪ વર્ષના રાજકીય વનવાસ બાદ ભાજપનો કેસરિયો જિલ્લા પંચાયતમાં લહેરાયો : જિલ્લા પંચાયતના પ્રમુખ હિના પટેલ સહિત નવ સભ્યો ભાજપમાં વિધિવત જોડાયા : પૂર્વ પ્રમુખ અને ઉપપ્રમુખ ઉપરાંત ત્રણ ચેરમેનો પણ ભાજપમાં પ્રવેશ્યા**





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૪ વર્ષના રાજકીય વનવાસ બાદ ભાજપે પાછલા બારણે કેસરિયો લહેરાવી સત્તાના સૂત્રો સંભાળ્યા છે. આજે કોંગ્રેસ શાસિત પંચાયતના વર્તમાન પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ સહિત નવ સભ્યો વિધિવત્ રીતે ભાજપમાં જોડાતાં આ સત્તાપલ્ટો પંચાયતમાં આવ્યો છે.

આજે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, પૂર્વ પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલ, પૂર્વ ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ભરતજી ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતિ જ્યોત્સનાબેન પટેલ, પૂર્વ ચેરમેન શ્રી વિજયસિંહ ચાવડા, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી સદેસિંહ ઝાલા, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ ઠાકોર, શ્રીમતિ ઉષાબેન પટેલ અને શ્રી ગાભાજી ઠાકોર આજે વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસના નવ સભ્યો ભાજપમાં જોડાતા પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ આઈ.કે. જાડેજાએ આ સભ્યોને કેસરી ખેસ પહેરાવીને ભાજપના પ્રવેશ આપી સ્વાગત કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ સહીત કોંગ્રેસના નવ સભ્યોએ આજે કોંગ્રેસને રામ રામ કરીને ભાજપમાં જોડાયા હતાં. આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ આઈ.કે. જાડેજા અને કૌશીક પટેલની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાતા આ તમામને કેસરી ખેસ પહેરાવીને ભાજપમાં પ્રવેશ આપી આવકારવામાં આવ્યા હતા.

કોંગ્રેસના નવ સભ્યો ભાજપમાં જોડાતા આ અંગેની પ્રતિક્રિયા આપતાં પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાતની ૨૬ જિલ્લા પંચાયતમાંથી બે જિલ્લા પંચાયત કોંગ્રેસ પાસે હતી આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસના નવ સભ્યો ભાજપમાં જોડાતા ગાંધીનગર જિલ્લામાં ભાજપનું શાસન પ્રસ્થાપીત થયું છે.

૨૭ સભ્યોની સંખ્યા ધરાવતી પંચાયતમાં હવે ભાજપના ૧૭ અને કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૧૦ થઈ છે.

શ્રીમતિ હીના પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મતદારોનો દ્રોહ નથી કરતા પણ મતદારોની વિકાસની ભૂખને સંતોષવા માટે તેમણે આ નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતુ કે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી દ્વારા સ્ત્રી સશક્તિકરણ સહિત વિકાસનો જે રાહ અપનાવ્યો છે તેમાં સહભાગીદાર થવાનુ અમને ગમ્યુ છે. અમે કોઈથી ત્રાસીને કે તંગ આવીને કે પછી અન્ય કોઈ કારણોસર પક્ષ છોડવાનો નિર્ણય કર્યો નથી.

તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે જિલ્લામાં વિકાસ એ અમારી અગ્રતા ગઈકાલે હતી તે આજે પણ છે જ. શ્રીમતિ હીના પટેલે કોંગ્રેસના

● અનુસંધાન પાન-૭ પર

## ગુરૂવારે આતશબાજી સાથે ભાજપ સત્તા સંભાળશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસને અલવિદા કરનાર નવ સભ્યો ગુરુવારે જિલ્લા પંચાયતમાં વિધિવત રીતે પ્રવેશ કરશે જેને આતશબાજી સાથે વધાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા ભાજપના કાર્યાલય શ્રી કમલમ ખાતે સવારે ૧૦ વાગ્યે આ સભ્યો વિધિવત પ્રવેશની કાર્યવાહી સંપન્ન કર્યા બાદ સીધા જિલ્લા પંચાયત આવશે અને પંચાયતમાં સત્તાના સૂત્રો સંભાળશે.

આ વાતને વધાવવા માટે પંચાયત ખાતે ખાસ આતશબાજીનું આયોજન વિચારાયું છે અને તે અંગેની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

## NEWS બિટ્સ

**● અમેરિકામાં ૧૫મી ઓગસ્ટે સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે યોજાશે ઈન્ડિયા પરેડ**

આ વખતે અમેરિકાના ન્યૂયોર્ક સીટીમાં તા. ૧૫મી ઓગસ્ટના રોજ યોજાનારી ૩૪મી ઈન્ડિયા ડે પરેડમાં મુખ્ય આકર્ષણરૂપે સરદાર પટેલની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની પ્રતિકૃતિ રહેશે. આ ૧૨ ફૂટ ઊંચી પ્રતિકૃતિનું નિર્માણ અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વમાં ભારત બહાર સ્વાતંત્ર્યતા દિવસની સૌથી મોટી ઉજવણી અમેરિકાના મેનહટનના મેડિસ એવન્યુમાં કરવામાં આવે છે.

**● વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ સપ્ટેમ્બરે રાષ્ટ્રસંઘને સંબોધશે**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૨૭મી સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાને સંબોધિત કરશે. રાષ્ટ્રસંઘ દ્વારા આ બેઠકમાં સંબોધનારા રાષ્ટ્રનેતાઓની તારીખો નિશ્ચિત કરવામાં આવી છે. તા. ૨૪મી સપ્ટેમ્બરથી તા. ૧લી ઓક્ટોબર સુધીની તારીખો આ માટે નક્કી કરવામાં આવી છે.

**● શ્રૃતિ હસન સૌથી વધુ ટ્વીટર્સ ફોલોઅર્સ ધરાવતી સેલિબ્રિટી બની**

દક્ષિણના લોકપ્રિય સુપરસ્ટાર કમલ હસનની પુત્રી શ્રૃતિ હસનના ટ્વીટર પરના ચાહકો વિક્રમજનક રીતે વધી રહ્યા છે. વર્ષ ૨૦૦૯માં ટ્વીટર પર સામેલ થનાર આ અભિનેત્રી હાલ ૧.૨૨ મિલિયન ફોલોઅર્સ ધરાવતી સેલિબ્રિટી બની ચુકી છે. તેણે દક્ષિણ ભારતના તમામ સુપરસ્ટાર્સને પાછળ રાખી દીધા છે. જેમાં સુપરસ્ટાર રજનીકાંત તેના જમાઈ ધનુષનો પણ સમાવેશ થાય છે.

**● આસારામને રાત્રે ઊંઘ નથી આવતી : ન્યુરો ફિઝીશ્યનની સારવાર અપાઈ**

સગીરાના શારિરીક શોષણના કેસમાં જોધપુર સેન્ટ્રલ જેલમાં પુરાયેલા આસારામને શુક્રવારે સવારે મહાત્મા ગાંધી હોસ્પિટલના ન્યુરો ફિઝીશ્યન ડૉ. અમિતા ભાર્ગવ પાસે લઈ જવાયા હતા. આસારામે રાત્રે નિંદર નહી આવતા હોવાની ફરિયાદ કરતા તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમના લોહીનું પરિક્ષણ તેમજ સોનોગ્રાફી અને થાઈરોડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.



જય મહાદેવ - શ્રાવણ મહિનાના સોમવારે ભાવિકો ભોળાનાથને રિઝવવા ભક્તિપૂર્વક પ્રયાસો કરે છે... ભગવાન શીવ-પાર્વતીની આબેહૂબ પ્રતિમા સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતે ઘીમાંથી નિર્માણ કરાઈ ત્યારે સમગ્ર માહોલ ભાવસભર બન્યો હતો. (તસવીર : દિપક જાની)

# જૂથવાદમાં અટવાયેલી કોંગ્રેસનું નબળુ જિલ્લા નેતૃત્વ પંચાયતને બચાવવામાં નિષ્ફળ રહ્યું

**ચાવડા જૂથની રાજનીતિ બળવાનું મુખ્ય કારણ હોવાની ચર્ચા : જિલ્લા પ્રમુખને લઈ પણ વિવાદ ચાલે છે : જિલ્લા પ્રદેશ નેતાઓનું મૌન**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના સભ્યોએ કરેલા બળવા માટે નબળુ નેતૃત્વ સૌથી વધુ કારણભૂત મનાઈ રહ્યું છે. જૂથવાદમાં અટવાયેલી જિલ્લા કોંગ્રેસ સમિતિમાં નેતૃત્વનો વિવાદ છે એવા નાજુક તબક્કે જ કોંગ્રેસના સભ્યોએ કરેલા બળવા બાદ કોંગ્રેસના નેતાઓ ગાયબ થઈ ગયા છે એટલુ જ નહિ કોઈની સાથે વાત કરવાના પણ મૂડમાં નથી.

કોંગ્રેસના બળવા પછી જિલ્લા સમિતિના આગેવાનો પત્રકારોથી મોં છુપાવી રહ્યા હતા.

કોંગ્રેસમાં સી.જે. ચાવડાના જૂથના દબાણની રાજનીતિ સામે બળવો પોકારવામાં આવ્યો હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

સવા વર્ષની મુદત માટે હીના પટેલની પસંદગી પછી વહેલુ રાજીનામુ માગવાની વાતને લઈ ઉભા થઈ રહેલા રાજકીય દબાણ સામે ઝુકવાને બદલે સભ્યોએ સામુહિક રીતે અલવિદા કહેવાનું મુનાસિબ માન્યુ છે.

એક એવી વાત પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે કે, મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના સીધા માર્ગદર્શન તળે એક રાજ્યમંત્રીની સીધી દોરવણી હેઠળ આ આખુય ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

આ ઓપરેશનમાં આમ તો વેગ છેલ્લા સપ્તાહમાં જ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઓગસ્ટ-૯૭માં ભાજપમાં અને ઓગસ્ટ-૧૪માં કોંગ્રેસમાં બળવો થતાં સત્તા પરિવર્તન

**બન્ને બળવા વખતે પંચાયતનું પ્રમુખપદ મહિલા માટે અનામત હોવાનું પણ યોગાનુયોગ : સાત વખત ઉપપ્રમુખોએ ઈન્ચાર્જ પ્રમુખનો કાર્યભાર સંભાળ્યો છે : ૯૫માં સત્તા મેળવનાર ભાજપે બે જ વર્ષમાં સત્તા ગુમાવી હતી**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ઓગસ્ટ-૧૯૯૭ માં થયેલા બળવામાં સત્તા પરિવર્તન નોંધાયા છે. જો કે જિલ્લા પંચાયતની રચનાકાળથી બળવાની પરંપરા ચાલી આવી છે. નાના-નાના બળવા સતત નોંધાયા છે. ૨૦૦૫ માં બળવો કરનારાઓ સામે કોંગ્રેસ પક્ષે સખ્ત વલણ લીધુ હતુ અને તેમને પક્ષાંતર ધારા અન્વયે સભ્યપદેથી બળવો કરનારા સભ્યોને હાથ ધોવા પડ્યા હતા.

૧૯૯૫માં બહુમતિ સાથે ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. ભાજપના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે શ્રીમતિ આનંદીબેન પટેલ વરાયા હતા. આ પછી ભાજપમાં થયેલા પ્રદેશ કક્ષાના બળવાના પડઘા જિલ્લામાં પણ પડ્યા હતા અને ભાજપના બળવાખોરો સાથે કોંગ્રેસ હાથ મિલાવી ૭ ઓગસ્ટે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા.

કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ બનેલા સરોજબેન ઠાકોર આજે ભાજપમાં છે તે એક યોગાનુયોગ છે. ૯૫ થી ૨૦૦૦ ની મુદત દરમ્યાન ભાજપના આ શાસનમાં જ ઉપપ્રમુખ શ્રી સુમનભાઈ પટેલે બે વખત સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. ત્યાર બાદ ગણેશભાઈ ચૌધરીને ઈન્ચાર્જ પ્રમુખનો ભાર સોંપ્યો હતો. જો કે પાંચ વર્ષના આ સમયગાળામાં ૬ જિલ્લા પ્રમુખો થયા હતા. જે પણ પંચાયતની તવારીખમાં એક વિક્રમ છે.

પંચાયતની રગેરગમાં બળવાની નાની-મોટી ઘટનાઓ નોંધાઈ છે. જો કે ભાજપમાં બળવો થયો અને કોંગ્રેસે ઓગસ્ટ-૯૭માં સત્તાના સૂત્રો સંભાળ્યા હતા.

હવે પુનઃ ઓગસ્ટ-૨૦૧૪ માં બળવો થયો છે પણ કોંગ્રેસમાં બળવો થયો અને ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. આમ બે રાજકીય પક્ષોમાં બળવાના કારણે સત્તાપલ્ટાના હિસાબો સરખે સરખા થઈ ગયા છે.

જિલ્લા પંચાયતની તવારિખી પર નજર કરીએ તો સાત વખત પંચાયત પ્રમુખ તરીકેનો કાર્યભાર ઈન્ચાર્જ પ્રમુખોએ સંભાળ્યો છે. જેમાં છ વખત ઈન્ચાર્જ પ્રમુખ ઉપપ્રમુખ બન્યા છે. સૌથી વધુ વખત ઉપપ્રમુખ તરીકે સેવા આપનાર શ્રી પ્રહલાદભાઈ ઠાકોર ચાર વખત પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળી ચુક્યા છે. તો નાણાંપંચના પૂર્વ ઉપાધ્યક્ષ શ્રી સુમનભાઈ પટેલ ઉપપ્રમુખ તરીકે બે વખત પ્રમુખનો કાર્યભાર સંભાળી ચુક્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખપદની બેઠક જ્યારે મહિલા માટે અનામત થઈ ત્યારે જ બળવા બન્ને પક્ષમાં થયા છે તે પણ યોગાનુયોગ છે.





## સ્પષ્ટતા

માનસિક અસ્થિરતાનો લાભ લઈ વાવોલની ૨૦ વીઘા જમીન પચાવી પાડવાની કોશિષ સંદર્ભેના ગુનામાં સંડોવાયેલા ૧૧ આરોપીઓ પૈકીના અશોકભાઈ પટેલ અમદાવાદ (બોપલ) વિસ્તારના રહેવાસી છે. વાવોલ નિવાસી અશોકભાઈ પટેલ (શ્રોફ)ને આ જમીન કૌભાંડના પ્રકરણમાં કોઈ લેવા-દેવા નથી જેની વાચકોએ નોંધ લેવી.

લી.

અશોકભાઈ સી. પટેલ (શ્રોફ)

## જોઈએ છે

**એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ**

કંપનીનું સ્વતંત્રપણે બેન્કીંગ અને એકાઉન્ટીંગનું કામકાજ સંભાળી શકે તેવા ૩ વર્ષ કે વધુ અનુભવી

સંપર્ક

**સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.**

૩૦૧, શાલીન કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

તા. ૭/૮/૧૪, સમય ૧૧-૩૦ કલાકે

